## ગ્રામચેતના એટલે કે નિજબોધની કવિતા | મણિલાલ હ. પટેલ

[**'પાદરનાં પંખી'** : કવિતા : રઘુવીર ચૌધરી, પ્રકાશક : સુનીતા ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ-૯, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૧૧૨, કિંમત રૂ. ૭૦/-]

રઘુવીર ચૌધરી કલાવિદ્ છે પણ નકરા કલાવાદી તો નથી જ નથી. એમનો સાહિત્ય-સર્જનનો માર્ગ લોકારણ્યોમાંથી, ઝાઝે ભાગે તો ગામ-વગડો-સીમમાંથી પસાર થાય છે. એમનો નગરવાસ સમૃદ્ધ છે પણ એમને ગામડું વધારે ગમ્યું છે. ગામડાનો સમાજ અને એનો અદનો આદમી એમના સાહિત્યમાં પણ કેન્દ્રસ્થ રહ્યા છે. રઘુવીર ચૌધરી જીવનવાદી સર્જક છે – ક્યારેક તો કહેવાનું મન થાય કે એ 'ગ્રામજીવનવાદી' લેખક છે. એમની કવિતાના છેલ્લા બે સંચયો ('ફૂટપાથ અને શેઢો' તથા 'પાદરનાં પંખી') પણ ઉક્ત મતને મહોર મારે છે.

'ગ્રામચિત્રો' (પૃ. ૯૫) રચનામાં, આંખ સામે જિવાતું વાસ્તવિક જીવન ઝિલાયું છે. અહીં જે આલેખન છે તે છંદોબદ્ધ તો છે જ; સાથે સાથે એ ચિત્રણમાં જીવનની વિશેષ અને સૌંદર્યરાગી છબિ પણ ઉપસાવવામાં કવિની સફળતા છે. દા.ત.

**'પર્ણ ને પુષ્પ-શાં પંખીઓ**
**જા ગ ા ત ા ં ,**
**તારકો આભમાં કૈંક ઊંચે જતા,**
**ઓસકણ પંખીની આંખ-શા**
**ટ ા ગ ા ટ ા ગ ા ે**
**પવન પાછો ફરી કૂંપળોને મળે.'**
S

આ પ્રકૃતિરાગમાં જીવનરાગ પણ સંમિલિત છે :

**'પિયર પાછળ મૂકી કન્યકા જાય**
**છ ે ,**
**સહિયરો આંખ લૂછે અને ગાય**
**છ ે .**
**ફરકતી થાય જલમધ્ય શિવની**
**દ ા જા ,**
**મા ઊભી ઉંબરે ચરણ અચકાય**
**છ ે '**

સંચયનાં ૧૧૨ પાનાંમાં ૬૭ કાવ્યરચનાઓ છે. ગીતો, છંદોબદ્ધ તથા અછાંદસ રચનાઓ, ગઝલો અને મુક્તકો પણ હાજર છે. માનવપ્રેમ, પ્રકૃતિપ્રેમ સાથે અલખની લીલાનું આલેખન છે.

આ રચનાઓ 'ભાષારચના'ની ભૂમિકાએ પણ સાદી તથા સરળ છે, એમાં સહજતા છે એમ અર્થગર્ભતા પણ પ્રગટી છે. કવિને ગમે છે બલકે એમની માન્યતા છે એ પ્રમાણે વાત કરીએ તો અહીં અનુભવની શક્તિને ઉચિત શબ્દ મળ્યો છે. અનુભવનું બળ અને શબ્દરચનાની કળ – બંને જ્યાં જ્યાં સંવાદિતા રચી શક્યાં છે ત્યાં ત્યાં સુચારુ પરિણામો સાંપડ્યાં છે. આવી રચનાઓની સંખ્યા પણ ઠીકઠીક છે. ભાવકને કશુંક સાંપડવું જોઈએ – એવી જીવનદૃષ્ટિથી લખતા આ કવિ સાદા શબ્દોમાં જે ચીંધે છે તે મૂલ્યવાન છે :

**'થાક્યો છે કાફલો કે આ રસ્તાનો વાંક**
**છ ે ?**
**અજવાસ ઉગમણે છે છતાં અંધારું**
**ક્યાંક છે.**
**કોને વિકલ્પ ને વિમાસણો નથી નડ્યાં,**
**ચાલો મૂકીને ઢાળ, આ ઊંચો વળાંક છે.'** (પૃ.
૧ ૦ )

કવિતા અને માનવજીવનની બાબતમાં રઘુવીર ચૌધરી પણ કાલિદાસ-ટાગોર અને ઉમાશંકરની જેમ 'સમગ્ર સૃષ્ટિ' સાથેના 'સહઅસ્તિત્વમાં' માનતા પમાય છે. ઉમાશંકર જોશીએ 'વિશાળે જગ વિસ્તારે' – 'પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ...' એમ કહ્યું હતું... 'પાદરનાં પંખી' (પૃ. ૩૮); 'વૃક્ષકથા' (પૃ. ૭૮) તથા 'માટીનો જનની હક' (પૃ. ૮૬) જેવી રચનાઓમાં કવિ ઉપરોક્ત સન્દર્ભોને નિજી રીતેભાતે વર્ણવે છે. ખાસ તો, વર્તમાન યંત્રસંસ્કૃતિએ તથા સંવેદન-જડ, સંકુચિત માનવજાતે 'પ્રકૃતિ' (પશુ-પંખી-વૃક્ષો-નદી-તળાવ-ડુંગર... સીમ-વગડો-ખેતર તમામ) સાથે જે અક્ષમ્ય વ્યવહાર કર્યો છે એની સંવેદના કવિએ સંકેતોમાં મૂકી આપી છે.

કવિતા 'બોલકી' ન બનવી જોઈએ એના આ જાણતલ કવિને એમ પણ કહેવું છે કે એ સાવ ભાષાપ્રયોગોમાં પણ અટવાઈ ન જવી જોઈએ... એ અજાણ્યા ભાવક સુધી પણ જવી જ જોઈએ... બાવન બહારની પણ એક દુનિયા છે. રઘુવીર ચૌધરી કહેવા ચાહે છે કે હવે તો 'ગુજરાતી કવિતામાં નિજબોધ અને યુગબોધના સાયુજ્યથી એક નવો પ્રબોધકાળ અવતરે... (પૃ. ૩)

ગુજરાતી કવિતા હજી જે જે સન્દર્ભોમાં રાચી રહી છે તે બધા હવે જર્જર થયા છે... હવે તો માનવધર્મની (વિશાળ અર્થમાં પ્રેમની) વાત થવી જોઈએ (દા.ત. 'વખાર' સંચયમાં જે સાંપ્રત પ્રગટ થયો છે તે દિશા – વગેરે) 'ગમે તેની તાબેદારી સ્વીકારી લેનાર' વર્તમાનને હવે ઠમઠોરવો પડશે. કવિતા વિશેની પોતાની વિચારણા રજૂ કરતાં, પ્રસ્તાવનામાં રઘુવીરભાઈ, મહત્ત્વના સંકેતો કરે છે :

'જે કવિમિત્રો ભાષાકર્મમાં રમમાણ રહી, પ્રયોગશીલતાનો આદર્શ સેવી શાબ્દિક સૌન્દર્યને ઉપલબ્ધિ માની થોડાક ભમેલા ભાવકોના સ્મરણમાં કે કવિતાના એકમાર્ગી ઇતિહાસમાં જગા અંકે કરી ધન્યતા અનુભવે છે, એ એમની રીતે સફળ હોય તો ભલે આનંદમાં રહે. એમનામાંથી કોઈકને ક્યારેક બાવન બહારની સૃષ્ટિ દેખાવાની.' (પૃ. ૩)

'આધુનિકતાના પરિશિષ્ટ જેવી' કવિતા આજેય લખનારા છે – એમને માટે ઉક્ત સંકેત અંકે કરવા જેવો છે. કવિ ભલે 'સર્વ' સુધી ન પહોંચે પણ એની દિશા તો ખરેખર 'સ્વાનુભવને સર્વાનુભવમાં પરિણત કરવાનું' વિરલ ભાષાકર્મ દાખવવા ભણી જ હોઈ શકે છે. 'પાદરનાં

પંખી'ના કવિનો કશો મોટો દાવો તો નથી, પણ એમણે મૂળથી જ નિજી દિશા લીધેલી છે. એ દિશામાં થયેલી આ બધી કાવ્યરચનાઓમાંથી કેટલીક સફળ બનીને યુગબોધ સાથે તાલ મેળવે છે. પ્રત્યક્ષ કથન કે નકરાં વિધાનોથી બચવાની મથામણમાંથી નીપજેલાં પરિણામો સંતોષકારક તો જરૂર છે.

જમીન, આકાશ, વર્ષા-જળ, પવન, સૂર્ય-અગ્નિ-ઊર્જાને વર્ણવતી કેટલીક રચનાઓ વાસ્તવની મોઢામોઢ કરવા સાથે કવિના સૌન્દર્યાનુરાગ વ્યક્ત કરે છે. લય પર જેમ પકડ છે એમ અહીં અછાંદસના આરોહઅવરોહ પકડી રાખે છે. જીવન મિષે ખેતર-પંખી-ઘર-ગામ-પાદરની વાત કરતી આ રચનાઓ પંચમહાભૂતોને ય તાકે છે – તાગે છે એનો આનંદ છે.